अथः

॥श्री महिम्न स्तोत्र सटीक॥

तथा

॥ शिवपंचास्तोत्र ॥

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શેઠ અબદુલહુશેન આદમજી બુકસેલર;

ભાવનગર.



अमदावादमां

ઘીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૫.

अथ.

महिम्न स्तोत्र सटीक प्रारंभ.

॥ श्रीगणेशायनमः ॥



पुष्पदंतउवाच

શ્રી ગણેશાયનમઃ અથ શ્રી મહિમ્નસ્તોત્ર સાર્થ લીખ્યતે.

દોહા—અજ અવિનાશી એક રસ સત ચિત આનંદ સાર;
અધ્યારોપ અપવાદથી, કરીએ તત્વ વિચાર ॥૧॥

ગુણ અનંત છે ઇશના, શેષ ન પામે પાર;
શાસ્ત્ર બુદ્ધિ અનુસારથી, વરણું અલ્પ પ્રકાર. ॥૨॥

પ્રથમ મહિમ્નની પરનાલિકા કથનકરીએછીએ. એક સમય પુષ્પદંત નામનો આચારી કૈલાસમાં ક્રિડા કરતો હતો છતાં પ્રમાદને લીધે શિવ નિરમાલ્ય પુષ્પપર પગ મુકતો હવો. તે સમય એ પુષ્પદંત આચારી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે શંકરના અપરાધને લીધે મારી આકાશ ગમનની સિદ્ધિનો નાશ થયો છે. તે સમય શંકરની સ્તુતિને માટે પુષ્પદંત આચારી મહિમ્ન સ્તોત્રનો પ્રારંભ કરતો હવો. એ મહિમ્નનો અર્થ વ્રજ ભાષામાં મુકતાનંદ પરમહંસે પોતાની બુદ્ધિનો અનુંસાર મુમુક્ષુઓની બુદ્ધિમાં આરૂઢ થવાસારૂ લખ્યો છે. હવે પ્રથમ શ્લોકમાં નિર્ગુણ તથા સગુણ શંકરનું સ્વરૂપ વર્ણવ્યું છે.

**महिम्नः पारंतेपरमविदुषोयद्यसदृशीस्तुतिर्ब्र
ह्मादीनामपितदवसन्नास्त्वयिगिरः ॥ अथावा
च्यःसर्वः स्वमतिपरिणामावधिगृणन्ममाप्येष
स्तोत्रेहरनिरपवादःपरिकरः ॥१॥**

અર્થઃ-હે ભગવાન આપના નિર્ગુણ સ્વરૂપના મહિમાનો પાર પુરૂષ જાણતો નથી કારણ કે આપનું નિર્ગુણ સ્વરૂપ મં-

ન અને વાણીથી પર છે, તેમજ આપને પુરૂષોએ કરેલી સ્તુતિની યોગ્યતા પણ નથી; અને બ્રહ્માદિકની સંસ્કૃત ભાષાનું ગોચરપણ આપનું નિર્ગુણ સ્વરૂપ નથી માટે પૂર્વાર્ધવડે સ્તુતિની અયોગ્યતા દર્શાવી. હવે ઉત્તરાર્ધવડે સ્તુતિની યોગ્યતા દર્શાવે છે. હે ભગવાન, સર્વે જન પોતપોતાની બુદ્ધિને અનુસારે આપની સ્તુતિ કરેછે તેથી સર્વે નિર્દોષછે; અને આ મહિમ્નસ્તોત્ર બાબત મારો પ્રયત્ન વિનિર્દોષ છે. ॥ ૧ ॥

હવે શ્લોકના ત્રણ ચરણવડે નિર્ગુણ સ્વરૂપ તથા ચોથા ચરણવડે સગુણ સ્વરૂપનું કથન કરેછે.

अतीतः पंथानंतवचमहिमावाङ्मनसयोरतद्व्यावृत्यायंचकितमभिधत्तेश्रुतिरपि ॥ सकस्य स्तोतव्यंःकतिविधगुणःकस्यविषयःपदेत्वर्वाचीनेपततिनमनःकस्यनवचः ॥ २ ॥

અર્થ.-ભગવાન, આપનો મહિમા મન તથા વાણીવડે જાણવામાં આવતો નથી અને આપના મહિમાને શ્રુતિયોપણ માનપૂર્વક કથન કરેછે, અને નેતિ નેતિ વાકયવડે વેદ સકળ વાચ્યનો નિષેધ કરવા છતાં બીજા અર્થવડે વસ્તુનું પ્રતિપાદન પણ કરે છે; તો એ રીતનો આપનો મહિમા વર્ણવવાને કોઇ પુરૂષ શક્તિવાન નથી તેમજ આપ કોઇપણ પુરૂષને ઇ-

દ્રિયગોચરપણ નથી.હવે સગુણ વસ્તુની યોગ્યતા દેખાડેછે કે હે પ્રભુ, આપના માયિક સ્વરૂપવિષે સર્વે પુરૂષોની મનવાણી પહોંચે છે ।૨। હવે પરમેશ્વરને સર્વ શાસ્ત્રોના કર્ત્તા ઠરાવેછે.

मधुस्फीतावाचः परममम्रृतंनिर्मितवतस्तवब्रह्मन्किंवागपिसुरगुरोर्विस्मयपदम् ममत्वेतांवाणींगुणकथनपुण्येनभवतःपुनामीत्यर्थेस्मिन्पुरमथनबुद्धिर्व्यवसिता ॥ ३ ॥

હે ભગવાન, મારી સ્તુતિને લીધે આપને કોઇપણ પ્રકારે સંતોષ થતો નથી; કારણ કે, જે વાણી છે તેતો આપની રચેલી છે અને મધૂર ગુણવંડે યુક્ત છે તેમ છતાં વેદાંતના સિદ્ધાંત જન્ય પરમ અમૃત રૂપ છે, વળી સુરગુરૂ એટલે બ્રહ્મદેવની વાણી આપને વિષે આશ્ચર્ય પામેછે તો અસ્મદાદિકની તો ગણતરીજ શી? હે પ્રભુ, આ સ્તુતિ રૂપી અર્થમાં મારી બુદ્ધિનાં પ્રમાણમાં ઉદ્યમ કરૂં છું તે આપના ગુણ કથનને લીધે હું મારી વાણીને પવિત્ર કરૂં છું. ॥ ૩ ॥

હવે ત્રણ શ્લોકવડે મિમાંસાદિકનાં મતનું નિરાકરણ કરતે થકે ગ્રંથકાર પરમેશ્વરને નમસ્કાર કરેછે.

तवैश्वर्यंयत्तज्जगदुदयरक्षाप्रलयकृत्त्रयीवस्तुव्य

स्तोति॰ पुगुणभिन्नासुतनुषु ॥ अभव्यानामस्मि
न्वरद्रमणीया॰ रमणीविहंतुं व्याक्रोशीविदधत
इहैकेजडधियः ॥ ४ ॥

અર્થઃ-હે ભગવાન,આપનું ઐશ્વર્ય વ્યસ્ત આરોપિતછે, અને બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર એ ત્રણ તનુગુણોવડે જુદે જુદું પ્રતીત થાયછે. વળી એ ઐશ્વર્ય ત્રણે લોકની ઉત્પતિ, સ્થિતિ તથા પ્રલય કરવા છતાં બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્ર રૂપે છે. હે ભગવાન, કોઇ જડબુદ્ધી મિમાંસકાદિક મત્તવાળા જનો આપના ઐશ્વર્યની નિંદા કરેછે. એ નિંદા પાપી પુરૂષોને પ્રિય લાગેછે, પરંતુ આપના સર્વજ્ઞાનાદિ ગુણયુકત ઐશ્વર્યની નિંદા શુદ્ધ મુમુક્ષુઓને અતિ અપ્રિય લાગે છે. ॥ ૪ ॥

હવે નિંદાને દર્શાવીને કહે છે.

किमीहः किंकायः स खलुकिमुपायस्त्रीभुवनांकि
माधारोधाता॰ जतिकिमुपादानइतिच ॥ अत
र्क्यैश्वर्येत्वय्य॰ नवसरदुस्थोहतधियःकुतर्कोयंकां
श्चिन्मुखरयतिमो॰ायजगतः ॥ ५ ॥

અર્થઃ-એ ધાતા પરમેશ્વર ત્રણ ભુવનની ઉત્પત્તિ કરે છે પરંતુ તેઓને ઉત્પન્ન કરવા બાબત શી ક્રિયા? કેવા પ્રકારની

કયા કયા પ્રકારનો ઉપાય? કયા પ્રકારનો આધાર તથા જગતને ઉત્પન્ન કરવામાં નિમિત્ત ઉપાદાન કારણ શું છે?એવો કુતર્ક કેટલાક મંદબુદ્ધિયુકત પુરૂષો કરેછે.હે પ્રભુ એ કુતર્કનું તાત્પર્ય એ છે કે, જગત તથા તમારા ભકતોના ચિત્તને ભ્રમણા પમાડવી.આપને વિશે એવો કુતર્ક કરવો એ અયોગ્ય છે કારણ કે, આપ તો અચિંત્ય માહાત્મ્ય યુકત છો. ॥૫॥

अजन्मानोलोकाः किमवयववंतोपिजगतामधिष्ठातारंकिंभवविधिरनादृत्यभवति ॥ अनीशोवाकुर्याद्भुवनजननेकः परिकारोयतोमंदास्त्वाप्रत्यमरवरसंशेरतइमे ॥ ६ ॥

અર્થઃ-હે અમરવર, દેવોમાં તમે શ્રેષ્ટ છો. ભુર્ભુવાદિ સપ્તલોક અવેવી (અવયવ રહિત) હોવા છતાં અજન્મા હશે. એવી સંભાવના થતી નથી કારણ કે,જે સાવેવ (અવયવ સહિત) વસ્તુ છે તેનો જન્મપણ થાયછે, જેમ ઘડો સાવેવી છે તેથી ઉત્પત્તિમાન છે. આ જગત અધિષ્ટાન પરમેશ્વરની આપેક્ષા વગર ઉત્પન્ન થતું હશે. ઇશ્વર સિવાય બીજો કોઇ જગતકર્ત્તા હશે. એ ભૂવનો ઉત્પન્ન કરવામાં સામગ્રી શીછે? એવી રીતે પાપી મિમાંસકાદિક મતવાળા આપ બાબત અનેક પ્રકારના સંદેહ કરેછે, પરંતુ આપને વિષે સંશયની

યોગ્યતા નથી તેમજ આપ ઇશ્વર કરતાં બીજો કોઇ સમર્થ પણ નથી. ॥ ૬ ॥ હવે પરમેશ્વરના સ્વરૂપના નિરૂપણ વિષે ષટ્ શાસ્ત્રોનો વિવાદ દર્શાવે છે.

त्रयीसांख्यंयोगः पशुपतिमतंवैष्णवमिति प्र भिन्नेप्रस्थानेपरमिदमदः पथ्यमितिच ॥ रुचीनांवैचित्र्यादृजुकुटिलनानापथजुषांनृणा मेकोग म्यस्त्वमसिपयसामर्णवइव ॥ ७ ॥

अर्थः-ત્રણ વાકયોવડે ત્રણ વેદ, સાંખ્યવડે કપિલ મત્ત, ગોગ વાકયવડે પાતાંજલિ ન્યાય એટલે વૈશેષિક શાસ્ત્ર, પશુપતિ વાકયવડે શૈવશાસ્ત્ર તથા વૈષ્ણવ વાકયવડે નારદ પંચરાત્ર એમ અંગિકાર કરેલાં છે. એ રીતે પંચભેદ કહ્યા, પણ સકલ મત્તવાદીઓ અહંકારવડે પોતપોતાના સિદ્ધાંતને અધિક માને છે કારણ કે સર્વ પુરૂશોની ઇચ્છાઓ જુદે જુદી વિચિત્ર છે પરંતુ જેમ સર્વ નદીઓનાં જલ પ્રથક પ્રથક માર્ગોવડે એકજ સમુદ્રમાં મળી જાય છે તેમ અધિકાર ભેદવડે આપ એક પ્રભુ મુમુક્ષુઓને પ્રાપ્ત થાઓ છો. ॥ ૭ ॥

महोक्षःखट्वांगंपरशुरजिनंभस्मफणिनः कपा लंचेतीयत्तववरदतंत्रोपकरणम् ॥ सुरस्तांताम्

द्विंदधाति तु भवद्भ्रूप्रणिहितांनहिस्वात्मारामंवि
षयमृगतृष्णाभ्रमयति ॥ ८ ॥

अर्थः-ભોવરદ, અભયના દાતા તંત્રોપકરણ વગેરે આપ-
ને અલ્પ સામગ્રીહે. તેમાં પ્રથમ ઉક્ષનંદીગણ, બીજું દંડપર
બ્રહ્મકપાલ, ત્રીજું પરશુકુઠારનું આયુદ્ધ, ચોથું અજીન ગજ-
ચર્મ, પાંચમી વનદગ્ધ કાષ્ટની ભસ્મ, છઠાં ફણીધર સર્પોનાં
ભુષણ તથા સાતમાં મનુષ્યોનાં મસ્તકોનાં તુમલાં છે તેથી
અલ્પ વિભુતિછે અને દેવલોકો આપની કૃપા દ્રષ્ટીવડે મહાન
ઋદ્ધિને ધારણ કરેછે. એ રીતે વિષય રૂપી મૃગ તૃષ્ણા આ-
ત્મારામ યોગીઓને બ્રહ્મનિષ્ટાથી ચલાયમાન કરી શકતી ન-
થી માટે સર્વ યોગીઓ કરતાં શંકરને શ્રેષ્ટ પ્રતિપાદન કર્યા ૮

ध्रुवंकश्चित्सर्वंसकलमपरस्त्वध्रुवमिदंपरोध्रौव्या
ध्रौव्येजगतिगदतिव्यस्तविषये ॥ समस्तेप्येत
स्मिन्पुरमथनतैर्विस्मितइवस्तुवन्जिह्रेमित्वां
नखलुननुधृष्टामुखरता ॥ ९ ॥

अर्थः-હે પુરમથન, કોઇ સમય કેટલાએક મિમાંસકો આ
સર્વ જગતને ધ્રૃવ નિત્ય માનેછે. કેટલાક બોધમતના નાસ્તિ-
કો આ સર્વ જગતને અનિત્ય માનેછે. બીજા દીગંબરી ના-
સ્તિકો આ જગતને નિત્યાનિત્ય માને છે. એ રીતે આકા-

શાદિક પંચભુતો નિત્ય છે એમ માને છે. અને ઘટપટાદિ સર્વ પદારથોને અનિત્ય માનેછે. એ રીતે માનેછે એ રીતે મત્તવાદી લોકો આ જગતને ભિન્નભિન્ન પ્રકૃતિયુકતનું માને છે. ભટ બૌધાદિકની પેઠે હું આપ પ્રભુની સ્તુતિ કરતોથકો લજ્જા પામું છું કારણ કે નિશ્ચય છતાં આશ્ચર્યથી ભ્રમિત થવું, એ મુરખતા છતાં અતી ચપળતાવાળા પુરૂષને લજ્જાની પ્રાપ્તિ કરે તેમ છે. ॥૯॥ બ્રહ્મદેવ તથા વિષ્ણુ મળીને શંકરના એશ્વર્યનો અંત લેવા ગયા તે પ્રકાર દરશાવે છે.

तवैश्वर्यं यत्नाद्यदुपरिविरिंचोहरिरधः परिच्छेत्तुं यातावनलमनलस्कंधवपुषः ॥ ततोभक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां गिरिश यत्स्वयंतस्थेताभ्यांतव किमनुवृत्तिर्नफलति ॥ १० ॥

અર્થઃ-આપના એશ્વર્યનો અંત લેવાસારૂ બ્રહ્મદેવ આકાશ તરફ અને વિષ્ણુ પાતાળમાં ગયા પરંતુ ઉભયમાંના કોઇને પણ આપનો અંત પ્રાપ્ત થયો નહી કારણ કે આપ પ્રભુ તો વાયુ અને અગ્નિ સ્વરૂપી છો, તેમાં વાયુ તત્વ પર્યંત લિંગનું મસ્તક છે અને કાળ અગ્નિ પર્યંત લીંગનું મુળ છે બ્રહ્મદેવ માત્ર બ્રહ્માંડના અને વિષ્ણુ માત્ર જળ તત્વના નિવાસી છે માટે આપનું એશ્વર્ય જાણવાને કોઇ સમર્થ થતા નથી,

અને એ બ્રહ્માવિષ્ણુના અંતરમાં આપ સ્વત પ્રાગયમાનછો તો બ્રહ્માવિષ્ણુ શ્રદ્ધા અને ભક્તિવડે આપની સ્તુતિ કરેછે. હે ભગવાન, આપની સેવા ફલની પ્રાપ્તિ કરતી નહિં હોય એવું સમજવું એ કેવળ મુર્ખતા છે તો, આપ ઇશ્વરની ભક્તિ સાક્ષાત પરંપરાગત ફલને આપનારી છે. ॥૧૦॥ હવે રાવણનું પરાક્રમ દર્શાવવાને માટે રાવણનીભકિત કથન કરેછે.

अयत्नादापाद्यत्रिभुवनमवैरव्यतिकरंदशास्यो यद्बाहूनभृतरणकंडूपरवशान् ॥ शिरःपद्मश्रेणी रचितचरणांभोरुहबलेः स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहरविस्फूर्जितमिदम् ॥११॥

अर्थः-હે ત્રિપુરહર, યુદ્ધની ઇચ્છાને લીધે સદાચળવળી રહેલી વીશ ભુજાઓ યુકતના રાવણને યત્નરહિતપણે નિઃશત્રુયુકત ત્રિભુવનનું રાજ્ય પ્રાપ્ત થયું તેમાં રાવણનું પરાક્રમ માત્ર આપની સ્થીર ભકિતજછે. એ ભકિત એવી કે, રાવણ પોતાના દશ મુસ્તક નિજ હસ્તે છેદી, પંકિત કરી કમળની પેઠે આપ પ્રભુને ચરણે બલિદાન આપતો હવો. વિશેષ કરીને આપનું પુજન સર્વને સકળ વસ્તુની અધિકતાની પ્રાપ્તી થવાનો હેતુ છે. ॥૧૧॥ હવે શંકરનું મહદપણું સુચવવાને વાસ્તે રાવણની કુટીલતા દરશાવે છે.

अमुष्यत्वत्सेवासमधिगतसारंभुजवनं बलात्कैलासेपित्वदधिवसतौविक्रमयतः ॥ अलभ्यापातालेप्यलसचलितांगुष्ठशिरसिप्रतिष्ठात्वय्यासीद्ध्रुवमुपचितोमुह्यतिखलः ॥ १२ ॥

અર્થઃ-હે ભગવાન રાવણ આપની સમીપ કૈલાસમાં વાસતો થકો આપને પોતાના વીશ ભુજાઓનું પરાક્રમ દેખાડતો હવો. આપના બળને લીધે એ પાતાળમાં ટકી શક્યો નહિં. આપની સેવા ભક્તિને લીધે રાવણને બળની પ્રાપ્તી થઇ તથાપિ આપે આપના અંગુઠાનો ભાર રાવણના મસ્તકપર અનાયાસે દીધો. એટલામાં તો તેનાથી પાતાળમાં રહેવાણું નહી. વિશેષ કરીને પારકા ઐશ્વર્યને પામેલા દુષ્ટ જન મોહ પામેછે તો મહાન પુરૂષની કૃપા દુષ્ટજનને ફળદાતા થતી નથી. ॥૧૨॥ હવે શંકરના અનુગ્રહથી બાણાસુરનું પરાક્રમ દર્શાવેછે.

यदृद्धिंसुत्राम्णो वरदपरमोच्चैरपिसतीमधश्चक्रेबाणःपरिजनविधेयात्रिभुवनः नतच्चित्रंतस्मिन्वरिवसितरित्वच्चरणयोर्नकस्याप्युन्नत्यैभवतिशिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

અર્થઃ-હે વરદાતા પ્રભુ, ઈંદ્રની અતી ઉત્કૃષ્ટ ઋદ્ધિને ત્રણે ભુવનોને દાસત્વપણે વરતાવનારો બાણાસુર પાતાળમાં લેઈ ગયો એમાં કાંઇ આશ્ચર્ય નથી કારણ કે તે આપના ચરણની પુજા કરનારો હતો; માટે જે જનો આપને વંદે છે તેઓને ફળની પ્રાપ્તી થાય એ પ્રત્યક્ષજ છે. ॥૧૩॥

अकांडब्रह्मांडक्षयचकितदेवासुरकृपाविधेयस्यासीद्यस्त्रिनयनविषंसंहृतवतः ॥ सकल्माषःकंठे तवनकुरुतेनश्रियमहोविकारोपिश्लाघ्योभुवनभयभंगव्यसनिनः ॥१४॥

અર્થઃ-હે ત્રિનયન આપે કૃષ્ણપાંડુર વરણના વિષનું પાન કર્યું છતાં એ વિષ કંઠને વિશે સ્થિત હોવાથી અતી શ્રીય શોભાને આપેછે. અકાંડ સમય ન છતાં બ્રહ્માંડના નાશને દેખીને, દેવો તથા અસુરો ભયને પામવા લાગ્યા, તેમજ દેવ તથા અસુરોના કલેશને અસહન કરવાસારૂ આપે કૃપા કરીને વિષનું પાન કર્યું તો, હે પ્રભુ સંસારીજનોનાં સંસારી દુઃખો દુર કરવાનું આપને વ્યસનજ છે. ॥૧૪॥

હવે કામદેવની કથા વરણવેછે.

असिद्धार्थानैवक्वचिदपिसदेवासुरनरे निवर्तंते नित्यंजगतिजयिनोयस्यविशिखाः॥ स[illegible]

ःत्वामितरसुरनरनिकरणममूत्स्मरःस्मर्तव्यात्मा नहिवशिषुपथ्यःपरिभवः ॥ १५ ॥

अर्थ-हेइश, कामदेवनुं बाण भालरहित छे तेथी ते बाण आ जगतमां देव, असुर तथा नरलोकने जीतवाने निष्फळ न थतां, सर्वने वशीभुत करेछे; तथापी आपना साथे कामदेव बीजा इंद्रादी देवोनी पेठे वरतवा लाग्यो तेथी दहन थयो अने स्मरण मात्रनुंज कामदेवनुं शरीर रह्युं. ए कनीष्ट थयो तेनुं कारण मात्र जीतेंद्रीय पुरुषोने पराभव पमाडवानुं छे. ए सुखनो हेतु नथी कारण के, इश्वरनो अनादर ए विनाशकारक छे. ॥१५॥ हवे शंकरने नमस्कार करते थके ग्रंथकार ए प्रभुना नृत्यनुं कथन करेछे.

मही पादाघाताद्व्रजाते सहसा संशयपदं पदं विष्णोर्भ्राम्यद्भुजपरिघरुग्णग्रहगणम् ॥ मुहुर्द्यौर्दौस्थ्यं यात्यनिभृतजटाताडिततटा जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥ १६ ॥

अर्थ-हे भगवान, आपे जगतना रक्षण तथा दुष्टोना नाशने अर्थे चरणो धरतां उठावतां पृथ्वी नीची उंची थवा लागी एवो नृत्य कर्यो, तेथी वीष्णुपद आकाशे भ्रमण क-

રતું હતું; તથા હાવભાવ બતલાવતાં ભુજાઓ ફેરવવાને લી-
ધે નક્ષત્રગણો રહ્યાં કે નષ્ટ થયાં તે બાબત શંશય થવા લાગ્યો;
અને ઉભય સ્વર્ગદ્વાર વ્યથા પામ્યાં, તેમજ જટા ફેરવવાથી
સ્વર્ગનું એક પાસુ તાડિત થયું. ઘણું કરીને આપનું ઐશ્વર્ય
વિપરિત પણ છે તથાપિ આપ ઈશ્વરની ઇચ્છા સ્વતંત્ર છે.
॥૧૬॥ હવે શંકરના વિરાટ સ્વરૂપનું કથન કરેછે.

वियद्व्यापीतारागणगुणितफेनोद्गमरुचिःप्रवाहो
वारांयःपृषदलघुदृष्टःशिरसिते।जगद्दीपाका
रंजलधिवलयंतेनकृतमित्यनेनैवोन्नेयंधृतमहिम
दिव्यंतववपुः ॥ १७ ॥

અર્થ-હે જગદાધાર, આપના શરિરપર મહાન જળ પ્ર-
વાહ ઝીણી ફરફરની પેઠે વરસતો દેખાય છે તેથી વિરાટ
સ્વરૂપનું પરિમાણ નથી. એ જળપ્રવાહ આકાશવત વ્યાપક
અને તારા તથા નક્ષત્રોના સમુહમાં ફેણ સમાન છતાં, તેજનો
ભાષ્ય થાયછે, જેમ નગરની પાછળ ચોતરફ ખાઈ હોયછે
તેમ જળના પ્રવાહને લીધે ચોતરફથી સર્વ જગતને આવર્ણ
કર્યું છે. એ રીતે આપના વિરાટ શરિરને અનુમાનથી જાણી
શકા છે કે, આપનું વપુ શરિર દિવ્ય પ્રભાયુક્ત છે. ॥૧૭॥

रथःक्षोणीयंताशतधृतिरगेंद्रोधनुरथोरथांगेचं

द्र[illegible]णि:शरइति ॥ दिधक्षोस्तेकोयं द्रिपु[illegible]णमाडंबरविधिर्विधेयैःक्रीडंत्योनखलुप रतंत्राःप्रभुधियः ॥ १८ ॥

अर्थ-હે દેવ, જે સમય ત્રીપુરને દહન કરવાની આપની ઇચ્છા થઇ તે સમય પૃથ્વીરૂપી રથ, બ્રહ્મારૂપી સારથી, હિમાચલ પર્વતરૂપી ધનુષ, સૂર્ય તથા ચંદ્રરૂપી રથનાં પૈડાં, જળરૂપી રથચરણ એટલે રથની પેંજણિઓ તથા વિષ્ણુરૂપી બાણ કર્યાં; તો બલ, વીર્ય, શક્તિ તથા બુદ્ધિથકી યુક્ત પુરૂષો નિશ્ચય કરીને પરાધિનપણે ક્રિડા ન કરતાં નિજ શક્તિથી વિનોદ કરેછે. ॥ १८ ॥

[illegible]रिस्तेसाहस्त्रंकमलबलिमाधायपदयो र्यदेको नेतास्मिन्निजमुदहरन्नेत्रकमलम् ॥ गतोभक्त्युद्रेकःपरिणतिमसौचक्रवपुषात्रयाणांरक्षायैत्रिपुर[illegible]रजागार्तिजग[illegible] ॥ १९ ॥

अर्थ-હે ત્રિપુર હરહરી, આપના ચરણની પુજા વિષ્ણુ સહસ્ર કમળવડે કરતા હવા, તેમાં એક ઓછું હોય તો પોતે પોતાના નેત્રકમળની તુલ્યના સંકલ્પ કરીને કોઇ બીજો અવયવ આપને અર્પણ કરતા તેથી અધિક ભક્તિને લીધે ચ-

ક રૂપ ધારણ કરીને સ્વર્ગ, મૃત્યુ તથા પાતાલ એ ત્રણેલોક-નું રક્ષણ તમેજ કરોછો. એ રીતે સુદરસન ચક્રની શકિત વિષ્ણુને તેમજ આપેલી છે. ॥ ૧૯ ॥

હવે કર્મફલના દાતા શંકરનેજ પ્રતિપાદન કરેછે.

क्रतौसुप्तेजाग्रत्त्वमसिफलयोगेक्रतुमतांकम्म प्रध्वस्तंकत्वाफलति पुरुषाराधनमृते ॥ अतस्त्वांसंप्रेक्ष्यक्रतुषुफलदानप्रतिभुवं श्रुतौश्रद्धांबध्वाद्दृढ परिकरःकर्मसुजनः ॥ २० ॥

अर्थ-હે ભગવાન, સકામી પુરૂશો કર્મ બાબત દ્રઢ વિ-શ્વાસ કરીને પ્રવર્ત થાયછે, અને શ્રુતિ અથવા વેદ વાક્યપર દ્રઢ વિશ્વાસ કરીને કર્મ કરેછે. વળી ઋતુયજ્ઞમાં ફલદાતા આપને જાણીને કર્મ કરેછે; વિનષ્ટ કર્મફળની પ્રાપ્તી તમેજ કરોછો અને પુરૂશોને નષ્ટ કર્મફળની પ્રાપ્તી ઇશ્વરના આરા-ધન વિના સિદ્ધ થતી નથી. ॥ ૨૦ ॥ હવે શંકરના કોપથી દક્ષપ્રજાપતિના યજ્ઞનો વિદ્ધંસ થયો તે કથન કરેછે.

क्रियादक्षोदक्षः क्रतुपतिरधीशस्तनुभृतामृषीणामार्त्विज्यंशरणदसदस्याःसुरगणाः ॥ क्रतुभ्रंशस्त्वत्तःक्रतुफलविधानव्यसनिनो ध्रुवं कर्तुः श्र

...राधाहमखाः ॥२१॥

अर्थ.-हे शरणदाता, दक्षप्रजापती क्रियाकर्ममां कुशळ हतो अने यज्ञकर्म बाबत यजमान पण आपज हता. वशिष्टादिक रुषियो यज्ञमां रुत्वीज (कर्मना करावनार) हता तेमज इंद्रादिक देवो दक्षप्रजापतीनी सभामां बेठा हता. ए रीतनी सामग्री दक्षना यज्ञमां हती तथापी आपना कोपने लीधे नष्ट थयो; कारण के, यज्ञमां यजमानने फळ संपादन करवानुं आपने व्यसनज छे तथापि यजमाननी श्रद्धाविना यज्ञकर्म विशेष करीने वीपर्यनो हेतु थाय छे. ॥२१॥

हवे प्रजापतिना कामनो आवीर्भाव सूचवे छे.

...प्रसभमाभकंस्वां दुहितरंगतंरोहि[illegible]तांरिरमयिषुमृष्यस्यवपुषा ॥ धनु[illegible]णेर्यातं [illegible]वमपिसपत्राकृतम[illegible]त्रसंतंतेऽद्यापित्यजति न[illegible]गव्याधरभसः ॥२२॥

अर्थ-हे प्रभुनाथ, आपनो मृग समाननो वेग हाल वर्तमानकाळमां पण मटतो नथी; कारण के, आपना हाथमां धनुष छतां प्रजानाथे लज्जत होतेथके मृगशरीर धर्युं अने ब्रह्मदेव आपनी पुत्री मृगलनुं शरीर धरीने नासवा लाग्या तथापि प्रजानाथे अती कामथी व्याकुळ होतेथके पाछळने

પાછળ ધાવા માંડયું. આપના ભયથી બ્રહ્મા પણ સ્વર્ગમાં નાસવા લાગ્યા તોપણ તેણે બ્રહ્માની પુંઠ મેલી નહી અને આપે પણ તેનો પીછો છોડયો નહીં તેથી અદ્યાપિ પણ એ તારાઓ આકાશમાં મૃગશિર નક્ષત્રમાં જણાય છે. ॥૨૨॥

હવે પાર્વતીનો મુંઢભાવ કથન કરે છે.

स्वलावण्याशंसाधृतधनुषमन्हायतृणवत्पुरः प्लुष्टंदृष्ट्वापुरमथनपुष्पायुधमापि ॥ यदिस्त्रैणंदेवीयमनिरतदेहार्धघटनादवैतित्वा मद्धाबतवरदमुग्धायुवतयः ॥२३॥

અર્થ-હે પુરમથન, વિરહરૂપી ધનુષ્યને ધારણ કરીને ઉભેલો કામદેવ તૃણની પેઠે સીઘ્ર દહન થયો ને તથા આપનું અર્ધ શરિર પોતાના શરિરમાં વિદ્યમાન છે એમ જાણવા છતાં પાર્વતિ આપની સનમુખ આવીને ઉભાં અને સ્વભાવ-ર્યનું અભિમાન કરતે થકે આપને સ્ત્રી લંપટ માનવા લાગ્યાં તો સ્ત્રીજાતિ મુંઢ છે. ॥ ૨૩ ॥

श्मशानेष्वाक्रीडाःस्मरहरपिशाचाः सहचराश्चिताभस्मालेपःस्त्रगपिनृकरोटीपरिकरः ॥ अमंगल्यंशीलंतवभवतुनामैवमखिलं तथापिस्म

णावरदपरमंमंगलमसि ॥२४॥

અર્થ-હે સ્મરહર, આપ શ્મશાનમાં ક્રીડા કરોછો. આપની સંગે પિશાચો રહેછે તથા અંગે શ્મશાનની ભસ્મ લેપન કરવા છતાં મનુષ્યોનાં તુમલાંની માળા ધારણ કરોછો. હે વરદાયક પ્રભુ, એ રીતે આપની સામગ્રી અમંગલરૂપ છે તથાપિ જે પુરૂષો આપનું સ્મરણ કરેછે તેઓને આપ પરમ મંગલરૂપ છો. ॥ ૨૪ ॥

मनःप्रत्यक्चित्तेसविधमवधायात्तमरुतःप्रहृष्यद्रोमाणःप्रमदसलिलोत्संगितदृशः ॥ यदालोक्याल्हादंह्रदइवनिमज्यामृतमयेदधत्यतंस्तत्त्वंकिमपियमिनस्तत्किलभवान् ॥२५॥

અર્થ-હે ભગવાન, ચિતને વિષય તરફથી રોકીને યોગ શાસ્ત્રમાં કહેલાં સાધનો કરીને, આપની તરફ ચિત્ત લગાવીને, આતપ્રાણ તથા અપાનવાયુનું નીરોધન કરતેથકે હર્ષના આનંદને લીધે રૂંઆટાં ઉભાં થયા છતાં પ્રમદ આનંદવડે જેઓનાં નેત્રોમાં જલ ભરાઈ ગયું છે એવા યમી યોગીઓ આપના સતચોદાનંદ રૂપને પોતાના અંતઃકરણમાં ધારણ કરીને જેમ શીતળ તલાવમાં ક્રીડા કરવાથી પુરૂષ આનંદ પામેછે, તેમ આપના અમૃતરૂપી તત્વને ધારણ કરીને આ-

નંદ પામે છે. ॥ ૨૫ ॥

त्वमर्कस्त्वंसोमस्त्वमसिपवनस्त्वं हुतवहस्त्वमाप
स्त्वंव्योमत्वमुधरिणिरात्मात्वमितिच ॥ परिच्छि
न्नामेवंत्वयिपरिणता बिभ्रतुगिरंनविद्मस्तत्तत्त्वं
वयमिहतुयत्त्वंनभवसि ॥२६॥

અર્થ-હે ભગવાન. સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, જલ, આકાશ, પૃથ્વી તથા સર્વના સાક્ષીરૂપ આત્મા એ સર્વરૂપે આપજ છો. આપના સ્વરૂપને જાણનારા પરીપક્વ બુદ્ધિવાળા પુરૂષો પોતાની વાણીવડે આપના સ્વરૂપનું જુદું જુદુ કથન કરેછે. હું આ જગતમાં આપનાથી કોઇપણ પૃથક વસ્તુ દેખતો નથી તો સકળ જડ તથા ચૈતન્યરૂપ આપજ છો. ॥ ॥ ૨૬ ॥ હવે ઓંકાર તથા શંકરનો વાચ્ય વાચક સંબંધ કથન કરે છે.

त्रयींतिस्त्रोवृत्तीस्त्रिभुवनमथोत्रीनपिसुरा नका
राद्यैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृति ॥ तुरीयंते
धामध्वनिभिरवरुंधानमणुभिः समस्तंव्यस्तं-
त्वांशरणदगृणात्योमितिपदम् ॥२७॥

અર્થ-હે ભો શરણદ, ઓં, એ પદવડે આપની સ્તુતિ થાયછે. ઓંકાર સર્વ રૂપથી સમસ્ત તથા અક્ષર રૂપે વ્યસ્ત ભિન્નછે. અકાર, ઉકાર તથા મકાર એ ત્રણ વર્ણવડે રૂગ, યજુર તથા શામ, એ ત્રણે વેદોને ધારણ કરે છે તથા ઉદાત અનુદાત તથા સ્વરીત ભેદ કરીને સર્વ સ્વર તથા વ્યંજનોને ધારણ કરેછે. ત્રણલોક તથા બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ ત્રણે દેવોને પણ ઓંકાર ધારણ કરેછે. એ ઓંકાર આપના સુક્ષ્મ તેજ તુરીયા નામના ધામમાં વ્યાપક છે. એ તુરીયાનું સ્વરૂપ એવું છે કે, જાગ્રતાવસ્થામાં હૃદયથી કંઠસુધી, સ્વપ્નમાં કંઠથી તાળુસુધી, સુશુપ્તિમાં તાલુથી લલાટસુધી તથા શિવ તત્વ તુરીઆમાં લલાટથી કુંડળીસુધી વ્યાપક છે. તુરીયા સ્વરૂપ ષટ વિકારથી પૃથક છે. ॥૨૭॥ હવે ધ્યાન કરવા સારૂ આઠ નામનું ધ્યાનાષ્ટક કથન કરેછે.

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहांस्तथाभीमेशानाविति यदभिधानाष्टकमिदम् ॥ अमुष्मिन्प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि प्रियायास्मैधाम्ने प्रविहितनमस्योस्मि भवते ॥२८॥

અર્થ-હે ભુદેવ, આપના અભિધ્યાનાષ્ટકનાં આઠ નામછે. વેદશ્રુતિ એક નામને ભિન્ન ભિન્ન કરીને કહેછે. પેહેલું ભવ,

બીજું સર્વ, ત્રીજુ રૂદ્ર, ચોથુ પશુપતિ, પાંચમુ ઉગ્ર, છઠ્ઠુ મહાનપણાને લીધે મહાદેવ, સાતમુ ભીમ તથા આઠમુ ઇશાન નામછે. હે ભગવાન હું (ગ્રંથકર્તા) આપના તુરિયા સ્વરૂપને વારંવાર નમસ્કાર કરૂછું. ॥ ૨૮ ॥

नमोनेदिष्ठायप्रियदवदविष्ठायचनमोनमः क्षोदिष्ठायस्मरहरमहिष्ठायचनमः ॥ नमोवर्षिष्ठायत्रिनयनयविष्ठायचनमो नमःसर्वस्मैतेतादिदमितिशर्वायचनमः ॥२९॥

અર્થ-હે પ્રિયદેવ, સમિપ સ્થિત એટલે આપના અંતર્યામિ સ્વરૂપને તથા દુર દિશાને વિશે સ્થિત એટલે આપના મહાન રૂપને નમસ્કાર કરૂંછું મન વાણીથી પર એવા આપના સૂક્ષ્મ વૃદ્ધ, તરૂણ, સર્વ ચરાચર તથા સર્વ ચરાચરથી પણ પર એવા આપના શુદ્ધ સ્વરૂપને હું નમસ્કાર કરૂછું. એ રીતે સર્વ દ્રષ્ટા દ્રશ્યરૂપ તમેજ છો. ॥૨૯॥ હવે ત્રણ ચરણ વડે શંકરના સગુણ સ્વરૂપ તથા ચોથા પદવડે નીર્ગુણ સ્વરૂપનું કથન કરે છે. ॥ ૨૯ ॥

बहुलरजसेविश्वोत्पत्तौभवायनमोनमः प्रबलतमसेतत्सं॰रेहरायनमोनमः ॥ जनसुख॰तस

त्वोद्रिक्तौमृडायनमोनमःप्रमहसिपदेनिस्त्रैगुण्ये
शिवायनमोनमः ॥३०॥

અર્થ-હે ભગવાન, સૃષ્ટીની ઉત્પત્તિ કરવાના હેતુથી ધારણ કરેલા રજોગુણ યુકત અધિષ્ટાન એટલે આપના ભવરૂપને સૃષ્ટિ સંહારના હેતુથી ધારણ કરેલા પ્રબળ તમો ગુણયુકત અધિષ્ટાન એટલે આપના હરરૂપને તથા સૃષ્ટિનું પાલણ કરવાના હેતુથી ધારણ કરેલા સત્વગુણ યુકત અધિષ્ટાન એટલે આપના મૃડ રૂપને હું વારંવાર નમસ્કાર કરૂંછું, અને ત્રિગુણથી પર (જુદુ) એવા તુરિયારૂપી આપના સતચિદાનંદ શિવરૂપને હું વારંવાર નમસ્કાર કરૂંછું. એ રીતે ભકિતની અધિકતાથી ગ્રંથકર્તા વારંવાર નમસ્કાર કરે છે. ॥ ૩૦ ॥

कृशपरिणतिचेतः क्लेशवश्यंक्कचेदंक्कचतवगुणसी
मोल्लंघिनीशश्वदृद्धिः ॥ इतिचकितममंदीकृत्य
मांभक्तिराधाद्वरदचरणयोस्तेवाक्यपुष्पोपहा-
रम् ॥३१॥

અર્થ-હે વરદાતા, સ્વરૂપ વીચારની પેઠે આપને કૃશ એટલે અલ્પ પરિણામ કરૂંછુ. હુ કલેશાવશ્ય એટલે દુઃખને લીધે પિરાધનછુ. આપનો મહિમા ત્રણ ગુણની મર્યાદાથી

પૃથક વર્ત્તે છે. એ રીતે ભય ગણતો થકો હું આપની નિરભય ભકિત કરૂં છું, અને વાકયરૂપી પુષ્પોની માળાઓ આપના ચરણને વિશે અરપણ કરૂં છું. ॥ ૩૧ ॥

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे सुरतरुवर शाखा लेखनी पत्रमुर्वि ॥ लिखति यदि गृहीत्वा शारदा सार्वकालं तदपि तव गुणानामीश पारं न-याति ॥३२॥

અર્થ-હે ઇશ, નીલગિરી જેટલા કાજળની સમુદ્ર જેવડા પાત્રમાં સમાઇ રહે એટલી રૂશનાઇ કરી, આ જગતપરનાં જેટલાં દેવતાઇ ઝાડ છે તેમની શાખાઓની લેખણો કરી, પૃથ્વીના પૃષ્ટ જેવડા કાગળમાં સર્વના કરતાં ચપળ લખનાર સરસ્વતિ સદાકાળ લખ્યાં કરે તોપણ આપના ગુણોનો પાર આવે નહિ. ॥૩૨॥ હવે આ મહિમ્નનો કર્તા પોતાનું નામ દર્શાવ્યા છતાં ઇશ્વરની સ્તુતિ કરે છે.

असुरसुरमुनींद्रैरर्चितस्येंदुमौलेर्ग्रथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ॥ सकलगुणवरिष्ठः पुष्पदंताभिधानो रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥३३॥

અર્થ-બાણાસુરાદિ અસુરો, બ્રહ્માદિ દેવો તથા મન્વાદિ

નરેંદ્રો વગેરે સરવે, જે ઇશ્વરના મસ્તકપર ચંદ્રછે તથા મા યાની ઉપાધિ સહિત પોતેજ ઇશ્વર છે કે જેમના ગુણોનો મહિમા અતિ વિખ્યાત છતાં, અન-વય, વંશપરંમપરા ગોત્ર રહિત તથા નિરગુણ છે, તે ઇશ્વરનું અરચન (પુજન) કરેછે; તેમની મધુર પ્રેમાકાર વૃત્તિથી, સકલ ગુણોથી સંયુક્ત એવો હું પુષ્પદંત આચારિ, આ મહિમ્ન સ્તોત્રવડે સ્તુતિ કરૂં છું. ॥૩૩॥ હવે પુષ્પદંત આચારી પોતાની સિદ્ધિની ફરી માપ્તીને વાસ્તે શંકરની સ્તુતી કરેછે.

अ[illegible]हरनवचं धूर्जटेः [illegible]मेतत्पठतिपरमभक्त्याशुद्ध[illegible]पुमान्यः॥ सभवति[illegible]वलोकेरुद्रतुल्यस्तथात्रप्रचुरतरधनायुः पुत्रवान्कीर्त्तिमांश्च ॥३४॥

અર્થ-જેના પુશપતુલ્ય દાંત છે, સકળ ગંધરવોનો રાજા છે, દેવોનાદેવ શંકરનો દાસ છે તેણે ચંદ્રશેખર એટલે મહાદેવના આ મહિમ્ન સ્તોત્રની રચના કરી છે. શંકરના રોષને લીધે પુશપદંત આચારી ની આકાશ ગમનની સિદ્ધિનો નાશ થયોછે તેથી દેવોના ગુરૂ શંકરની સ્તુતિ આ મહિમ્ન સ્તોત્ર માં કથન કરીછે. આ મહિમ્ન સ્તુતિ સર્વેની સ્તુતિયો કરતાં અધિક તથા દિવ્ય છે; કારણ કે આ સ્તુતી દિવ્ય આત્માની પ્રાપ્તિનો હેતુ છે તેથી આ સ્તોત્ર દિવ્ય છે. ॥ ૩૪ ॥

હવે મહિમ્નસ્તોત્રના પાઠનું ફળ કથન કરેછે.

महेशान्नापरोदेवोमहिम्नोनापरास्तुति ॥ अघो
रान्नापरोमंत्रेनास्तितत्वंगुरोःपरम् ॥३५॥

અર્થ-આ મહિમ્નસ્તોત્રનો કર્તા હું પુશ્પદંત આચારી કહુંછું કે, જે મનુષ્ય હાથ જોડીને, શંકરમાં ચિત લગાવીને, શ્રદ્ધાવડે આ મહિમ્ન સ્તોત્રનો પાઠ કરેછે તે પુરૂપ કિંનરોએ સ્તવન કરેલા શિવની સમીપ કૈલાશમાં વાસ કરેછે. આ મહિમ્નનો પાઠ કરનાર પુરૂષનું ઇંદ્રાદિ દેવો તથા વશિષ્ટાદિ મુનિઓ વગેરે પૂજન કરેછે. જે પુરૂષ સકામ ભાવે આ મહિમ્નનો પાઠકરશે તે પુરૂષ સ્વર્ગને પામશે તથા નિસકામપણે કરશે તે પુરૂષ મુક્ત થશે. આ મહિમ્નનો પાઠ કરનારા સર્વ પુરૂશો અંતઃકરણ શુદ્ધિદ્વારાએ જ્ઞાનપ્રાપ્તિ થવાથી મોક્ષ પામશે; માટે આ મહિમ્ન સ્તુતિનું મહાન ફલ છે. ॥૩૫॥

दीक्षादानंतपस्तीर्थज्ञानंयागादिकाःक्रियाः ॥
महिम्नस्तवपाठस्यकलानार्हंतिषोडशीम् ॥३६॥

અર્થ-શંકર સમાન કોઇ દેવ નથી, અઘોર મંત્ર સમાન કોઇ મંત્ર નથી, બ્રહ્મવેત્તા ગુરૂ સમાન કોઇ ગુરૂ નથી; તેમજ મહિમ્ન સ્તોત્ર સમાન ઇશ્વરની કોઇ સ્તુતિ નથી. ॥૩૬॥

कुसुमदशननामासर्वगंधर्वराजःशिशुशशधर-

मौले[illegible]वदे[illegible]:॥ सगुरुनिजमाहिम्नोभ्रष्ट ग्वास्यरोषात्स्तवनाम[illegible]मकार्षीद्दिव्यदिव्यंम-हिम्नः ॥३७॥

अर्थ-दिक्षाकर्मना नियम, दान, तप, तिर्थयात्रा, होम तथा यज्ञादि कर्मकांड क्रिया करवाथी जे जे फ्ळोनी प्राप्तीयो थायछे, ते सर्वे फ्ळोनी प्राप्तीयोनो समुदाय महिम्न स्तोत्र-नी सोळमी कळाने पोंहोंचतो नथी. ॥ ३७ ॥

[illegible]ज्यंस्वगमो[illegible]कहेतुंपठतियदिमनुष्यः प्रांजलिर्नान्यचेताः॥व्रजातिशिवसमीपांकिन्नरैः[illegible]यमानःस्तवनामिदममोघंपुष्पदंतप्रणीतम् ॥ ३८ ॥

अर्थ-आ महिम्न स्तोत्र श्रीपुष्पदंत आचार्यना मुखथी प्रगट थयुंछे. आ महिम्न स्तोत्रना पाठथी सर्वे पापोनुं नि-वारण थायछे; वळी आ स्तोत्र शंकरने प्रिय छे माटे जे पु-रुष चित्तने दृढ करीने, निजकंठे पाठ करेछे ते पुरुषपर भुत-पति महेश प्रसन्न थायछे. ए शंकरनी कृपादृष्टिथी मुमुक्षु-ओने बोध थायछे. ॥ ३८ ॥

श्रीपुष्प[illegible]तमुख पंकजनिर्गतेन[illegible]तोत्रेण किल्बि

षहरेण ,रा: येण ॥कंठस्थितेनपठितेनसमाहि
तेनसुप्रीणितोभवतिभूतपतिर्महेशः ॥३९॥

અર્થ-જે પુરૂષ પ્રાતઃકાલે ઉઠીને પરમભક્તિવડે શંકરની સ્તુતીનો આ પાઠ કરશે તે પુરૂષ ચીતશુદ્ધિ દ્વારાએ શીવલોકમાં રૂદ્રતુલ્ય જ્ઞાનવાન થશે. સકામી પુરૂશોના આત્માકાર્ય કારણ સહિત ધનપુત્રાદી સમૃદ્ધી યુકત થશે. આ મહિમ્નનો પાઠ કરનારો પુરૂષ દીર્ઘાયુ થવા છતાં પુત્ર તથા કીર્તિમાન થશે. આ મહિમ્નનો પાઠ સકામી પુરૂશોને સકળ ભોગોનો હેતુ છે તથા નિસકામી પુરૂશોને અંતઃકરણની શુદ્ધિથવાથી જ્ઞાનપ્રાપ્તિને લીધે મોક્ષનો હેતુ છે. ॥ ૩૯ ॥

હવે આ સ્તોત્રની સમાપ્તી કરેછે.

इत्येषावाङ्मयीपूजाश्रीमच्छंकरपादयोः ॥ अ
र्पितातेनमेदेवःप्रीयतांवैसदाशिवः॥४०॥

અર્થ-પવીત્રતાના હેતુયુકતનું આ સ્તોત્ર સમાપ્ત થયું છે. આ સ્તોત્રનું કથન પુષ્પદંત ગંધર્વે કર્યુંછે. આ મહિમ્નસ્તોત્ર તુલ્ય બીજુ કોઇપણ સ્તોત્ર નથી; તેથી આ સ્તોત્રવીશે સર્વેનું મન આસકત થાયછે. આ સ્તોત્રમાં માત્ર ઇશ્વરનુંજ વર્ણન કર્યું છે; કારણ કે ઈશ્વરના ગુણકથનની આગળ બીજી સકળ ચતુરાઇઓ વ્યર્થછે. ॥ ૪૦ ॥

॥इतिश्रीपुष्पदंतगंधर्वराजाविरचितंश्रीशिवम-
हिम्नाख्यस्तोत्रंसंपूर्णम् ॥ ॥ श्रीसांबसदाशि
वार्पणमस्तु ॥ ॥ ॥ ॥ शुभंभवतु ॥

દોહોરા-ઇષ્ટદેવનું ધ્યાન કરી, શંકર નામ ઉચારી; ભાષા પદ પરકાશ આ, ટીકા કરી વીચારી. ॥ ૧ ॥ આનો કરે વીચાર જે, ત્રણવાર ચીત્તમાંય; પદ અન્વય પ્રકાશ થઇ, સંશય ચીત્તનો જાય. ॥૨॥ મુકતાનંદ પરમહંસે આ, નીજ બુદ્ધનું સાર; પદ આશય પ્રગટ કરી, કીધો સુગમ પ્રકાર ।૩। ઇતીશ્રી ભાષા પદપ્રકાશ મહિમ્ન ટીકા મુકતાનંદ પરમહંસેન વીરચીતા સંપૂર્ણ સમાપ્ત શુભં ભવતુ.

॥ इतिमहिम्नस्तोत्रम् ॥

॥ अथ शिवपंचाक्षरस्तोत्र प्रारंभः ॥

श्रीगणेशायनमः ॥ ॥ नागेंद्र हाराय त्रिलोच
नाय भस्मांगरागाय महेश्वराय॥ नित्याय शु
द्धाय दिगंबराय तस्मै नकाराय नमः शिवाय
॥१ ॥ मंदाकिनीसलिलचंदन चर्चिताय नंदी
श्वरप्रमथनाथमहेश्वराय ॥ मंदारपुष्प बहु पु-
ष्प सूपूजिताय तस्मै मकराय नमः शिवाय
॥ २ ॥ शिवाय गौरीवदनाब्जवृंदसूर्याय दक्षा
ध्वर नाशकाय ॥ श्रीनीलकंठाय वृषध्वजाय
तस्मै शिकाराय नमः शिवाय ॥ ३ ॥ वसिष्ठ
कुंभोद्भवगौतमार्यमुनींद्र देवार्चित शेखराय॥
चंद्रार्कवैश्वानरलोचनाय तस्मै वकाराय नमः
शिवाय ॥ ४ ॥ यक्षस्वरूपाय जटाधराय पि
नाकहस्ताय सनातनाय ॥ दिव्याय देवाय दि

गंबराय तस्मै यकाराय नमः शिवाय ॥ ५॥ पं
चाक्षरमिदं पुण्यं यः पठेच्छिव सन्निधौ॥ शिव
लोकमवाप्नोति शिवेन सह मोदते ॥६॥ इति
श्रीमच्छंकराचार्याविरचितं शिवपंचाक्षरस्तो
त्रं संपूर्णम्॥ श्रीसांबसदाशिवार्पणमस्तु॥६॥

॥ अथ शिवमानसपूजा प्रारंभः ॥

श्रीगणेशाय नमः ॥ रत्नैः कल्पितमासनं हि
मजलैः स्नानं च दिव्यांबरं नानारत्नादिभूषितंमृ
गमदामोदांकितं चंदनं ॥जातीचंपकबिल्वप
त्ररचितं पुष्पंच धूपं तथा दीपं देव दयानिधे प
शुपते हृत्कल्पितं गृह्यतां ॥ १ ॥ सौवर्णे न
णिखंडरत्नरचिते पात्रे घृतं पायसं भक्ष्यं पंच
विधं पयोदधियुतं रंभाफलं पायसम्॥ शाका
नामयुतं जलं रुचिकरं कर्पूर खंडोज्ज्वलं तांबूलं

मनसा मया विरचितं भक्त्या प्रभो स्वीकु- ॥२॥ छत्रं चामरयोर्युगं व्यजनकं चादर्शकं निर्मलं वीणाभेरिमृदंगकाहलकलागीतं च नृ- त्यं तथा ॥साष्टांगं प्रणतिः स्तुतिर्बहुविधा एत त्समस्तं मया संकल्पेन समर्पितं तवविभो पू- जां गृहाण प्रभो ॥३॥ आत्मात्वं गिरिजा म- तिः सहच... णाः शरीरं गृहं पूजा ते विष- योपभोगरचना निद्रा समाधिस्थितिः ॥ सं- चारः पदयोः प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो यद्यत्कर्म करोमि तत्तदखिलं शंभो तवा धनम् ॥४॥ करचरणकृतं वाक्कायजं कर्मजं वा ...वणनयनजं वा मानसं वा ऽपराधं॥ वि हितमविहितंवा सर्वमेतत्क्षमस्व जय जय करु णाब्धे श्रीमहादेव शंभो ॥५॥

समाप्त.